ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગાંધીનગર મનપાનાં સીમાંકને શહેરમાં રાજકીય ગરમી લાવી દીધી

## નવુ સીમાંકન ટોક ઓફ ધી ટાઉન બન્યુ : ભાજપ-કોંગ્રેસ અને લોકોમાં પણ ચર્ચાનો મુદ્દો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાનું ગઈકાલે સીમાંકન અંગેના જે પ્રાથમિક આદેશો રાજ્ય ચૂંટણી પંચે જાહેર કર્યા તે આજે ટોક ઓફ ધી ટાઉન મુદ્દો બન્યો હતો.

નવા સીમાંકનમાં મતદારોના ટ્રેન્ડ જે વિધાનસભામાં જોવા મળ્યા હતા તેનો અંદાજ ન રાખવામાં આવ્યો હોવાની ટિપ્પણી સાથે આ મુદ્દો આજે ખુબ ગરમાગરમી સાથે ચર્ચાતો જોવા મળ્યો હતો.

ચૂંટણીના ઢોલ ઢબુક્યા



સંગઠન કે રાજકીય આગેવાનો સાથે મસલતો કર્યા વિના જ આડેધડ સીમાંકન કરાયુ હોવાની વાતો પણ સાંભળવા મળી હતી. ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોમાં આજે આ મુદ્દે ભારે ગણગણાટ જોવા મળ્યો હતો.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળતી વાતો મુજબ કોંગ્રેસ પક્ષે તેના વાંધા રજુ કરવા માટેનું મન બનાવી લીધુ છે એટલુ જ નહિ તેમના વાંધા ટકી શકે તે માટે તેમણે ખાનગીમાં કેટલાક કાનૂનવિદો સાથે પણ પરામર્શ શરૂ કર્યો છે અને તે એકાદ-બે દિવસમાં સંપન્ન થયા બાદ લેખિતમાં વાંધા રજુ કરવામાં આવશે.

ભાજપમાં એવો ગણગણાટ સાંભળવા મળ્યો હતો કે શહેરમાં જે રીતે યાદવાસ્થળી ચાલી રહી છે તેથી શહેરની અવગણના કરી અને ગ્રામ્ય વિસ્તારોને વધુ મહત્વ સીમાંકનમાં આપવામાં આવ્યુ છે.

જો કે સીમાંકન ઝેડ ઝીકઝાકનો પણ સામાન્ય ખ્યાલ રાખવામાં આવ્યો નથી. વિસ્તારોને આડેધડ કુદાવવામાં આવ્યા છે તો કેટલાક વિસ્તારોના ટુકડા જે રીતે કરાયા છે તે જોતાં આ સીમાંકન અઘરૂ સાબિત થશે.

હાઈવે ક્રોસ કરી અને સેક્ટરોને કુદાડવામાં આવ્યા હોવાને લઈ તેમજ રેલવે ટ્રેકનો પણ ખ્યાલ નથી રાખવામાં આવ્યો.

લોકજીભે જે ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી તેમાં રોટેશનને લઈ પણ વિસંગતતાઓ છે. સરકાર પાસે ૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામો સિવાય ૨૦૧૯નો આરોગ્ય વિભાગનો અહેવાલ જોઈ અને ધ્યાને લઈ વસ્તીનું વિભાજન કરવામાં આવ્યુ નથી. વોર્ડ નં. ૧ માં સરેરાશ ઘટ કરતાં નવ ટકાથી પણ વધુ ઘટ રાખવા પાછળનું કારણ કોઈને ગળે ઉતરતુ નથી.

જે રીતે સીમાંકન થયુ છે તેમાં વિધાનસભાની ચૂંટણીના મતદાનના ટ્રેન્ડ તે પણ નજર અંદાજ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર





નવી ઓળખ - ગાંધીનગર શહેરની નવી ઓળખ સમાન નવા રૂપ-રંગ સાથે કેપીટલ રેલ્વે સ્ટેશન તૈયાર થઈ ચૂક્યું છે... ૭-સ્ટાર હૉટલ સાથેનું રેલવે સ્ટેશન, દેશનું પહેલું રેલવે સ્ટેશન બનશે... અદ્યતન સુવિધાઓ અને દેશના તમામ રાજ્યોના પાટનગરો સાથે જોડતી ટ્રેનોને ગાંધીનગર મુકામે આવકારવા તૈયાર થયેલા પ્લેટફોર્મ શહેરનું એક આકર્ષણ બનશે... પાંચ દાયકાથી ગાંધીનગર અદ્યતન સ્ટેશન અને મહત્વની ટ્રેઈન સેવા માટે રાહત જોતું હતું... અંતે આ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે.... આચારસંહિતાના અંત સાથે રેલવે સ્ટેશન ધમધમતું બની જશે...

# આવતીકાલથી આરોગ્યતંત્રના બે મહત્વના કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ૨૨ મીને સોમવારથી આરોગ્ય વિભાગના બે મહત્વાકાંક્ષી કાર્યક્રમો શરૂ થઈ રહ્યા છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત જિલ્લામાં રસીકરણ કાર્યક્રમમાં ૩૫૦ થી વધુ બાળકો અને ૭૫ થી વધુ સગર્ભા મહિલાઓને આવરી લેવામાં આવશે.

આ ઉપરાંત જિલ્લામાં ડી. વોર્મિંગ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. જેમાં ૧ થી ૧૯ વર્ષની વય જૂથના ૩.૫ લાખથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે. જેમાં એક સપ્તાહ સુધી બાલકોને ડી. વોર્મિંગની ટીકડી ગળાવવા ઉપરાંત વિટામીન એ ની ટેબ્લેટ્સ પણ આપવામાં આવનાર છે.

# ડમ્પીંગ સાઈટ મુદ્દે સામાન્ય સભામાં પ્રસ્તાવ કરી લેખિત ખાતરી આપો

## મેયરે બોલાવેલી ગ્રામ્ય વિસ્તારના કાર્યકરોની બેઠકમાં પેથાપુરના આગેવાનોએ રોષ સાથે જણાવ્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાનું ગઈકાલે વોર્ડ સીમાંકન જાહેર થયા બાદ આજે મેયરના અધ્યક્ષપદે સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના હોદ્દેદારો અને કાર્યકરોની યોજાયેલી બેઠકમાં પેથાપુરમાં ડમ્પીંગ સાઈટનો મુદ્દો ઉછાળ્યો હતો.

પેથાપુરમાં ડમ્પીંગ સાઈટ બનાવવાના મામલે ચાલી રહેલા આંદોલનના પડઘા આજની બેઠકમાં ગુંજી ઉઠ્યા હતા. પેથાપુરના ભાજપી આગેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે તેમને વચનો પર વિશ્વાસ હવે રહ્યો નથી. આ બાબતે સામાન્ય સભામાં ઠરાવ સાથે લેખિત આદેશ થવો જોઈએ.

આ બેઠકમાં ભાજપના પેથાપુરના ૩૦ થી વધુ કાર્યકરોએ હાજરી આપી આક્રમકતા સાથે આ મુદ્દો રજુ કર્યો હતો.

આ આગેવાનોના રોષને ઠંડો કરવા માટેના પ્રયાસો થયા હતા પરંતુ આગેવાનો માન્યા ન હતા.

**પેથાપુરના ૩૦ ભાજપના અગ્રણીઓએ સ્પષ્ટ રજૂઆત કરી**

તેઓ પ્રથમ સ્થાયી સમિતિ અને બાદમાં સામાન્ય સભામાં ઠરાવ પસાર કરી લેખિત બાંહેધરી માટે મક્કમ રહ્યા હતા.

આ બેઠકના પ્રારંભે પ્રથમ ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે બજેટમાં કરેલી જોગવાઈઓ અને વિકાસ કામો માટે ચર્ચા કરવામાં આવી હતી.

ડમ્પીંગ સાઈટ રદ નહિ થાય તો ચૂંટણીમાં વિપરીત અસરો પડશે તેવી ચીમકી પણ આગેવાનોએ આપી હતી. નવા ભેળવવામાં આવેલા વિસ્તારોની ચૂંટણીલક્ષી ચર્ચા કરવા આ બેઠક બે કલાક જેટલો સમય ચાલી હતી પરંતુ મોટાભાગનો સમય ડમ્પીંગ સાઈટના મુદ્દે જ ચર્ચાઓ થઈ હતી. એક તબક્કે આ ચર્ચા દરમ્યાન ઉગ્રતાથી શાબ્દિક આપલે પણ થઈ હોવાનું જાણવા મળેલ છે.

જો કે આ બે દિવસની મેરેથોન બેઠમાં કોઈ નક્કર નિર્ણયો લઈ શકાયા નથી. ગઈકાલે શહેરના કાર્યકરોએ સફાઈના મુદ્દે ઉગ્રતા વ્યક્ત કરી હતી.

# સેક્ટર-૧૧માં નવા બિલ્ડીંગના નિર્માણને અનુલક્ષી ૭૨ વૃક્ષો કપાશે

## વૃક્ષોની કટોતી અન્વયે વનવિભાગને રૂ ૮૫ હજારનુ વળતર ચુકવાયુ

ગાંધીનગર તા ૨૦

શહેરમાં વિકાસ કામોના નામે હરિયાળીનો સોથ વળી રહ્યો છે. રોડ નેટવર્ક અપગ્રેડ કરવા સહીત નવા બિલ્ડીગો બાંધવાના પ્રોજેકટ અન્વયે વૃક્ષોની કટોતી થતા પ્રકૃતિ પ્રેમીઓનો રોષ પ્રબળ બની રહ્યો છે. ત્યારે કલેટર કચેરી પાછળ નવા પ્રાંત કચેરીના બિલ્ડીંગના નિર્માણને અનુલક્ષીને પણ ૭૨ જેટલા વૃક્ષોની કટોતી કરવામાં આવશે. આ વૃક્ષોની કટાતીને અનુલક્ષીને વનવિભાગને રૂ ૮૫ હજારનુ વળતર ચુકવાશે.

શહેરમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવા તેમજ નવા બિલ્ડીંગો બાંધવા સહીતના અનેક વિકાસના કામો હાથ ધરવા માટે હરિયાળા વૃક્ષોનો ભોગ લેવાય છે. સ્થાનિક નાગરિકોની સતર્કતાના લીધે વૃક્ષોની કટોતી પણ અટકાવી શકાઈ છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં દિનપ્રતિદિન હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ છે. સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટે પણ વૃક્ષો ન કપાય તે માટે પ્રકૃતિ પ્રેમીઓએ લડત આપી તંત્રની આંખ ઉઘાડી હતી જયારે હજુ પણ શહેરમાં માર્ગ વાઈડનીંગની કામગીરી ચાલુ છે ત્યારે સેકટરોમાં હરિયાળીનો સોથ ન વળે તે માટે રહીશો જાગૃત છે. બીજીતરફ શહેરની કલેકટર કચેરી પાછળના મેદાનમાં નવી પ્રાંત કચેરીનુ બિલ્ડીંગ બાંધવા માટે આયોજન કરાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

### કોંગી કાઉન્સીલરનો વધુ એક આક્ષેપ

# સે. ૨૨માં ડિવાઈડર સાથે રોડના કામ પાછળ સ્માર્ટસીટીની ગ્રાન્ટનો વેડફાટ

ગાંધીનગર, તા. ૨૦


ગાંધીનગર મહાનગરપાલિકાના કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે આજે વધુ એક પત્ર મ્યુનિ. કમિશનરને લખી સે. ૨૨માં ચાલી રહેલ ડિવાઈડર સાથેના રોડના કામ અંગેની વિગતો માંગી છે.

મ્યુનિ. કમિશનરને લખેલા આ પત્રમાં ત્રણ દિવસમાં તેમના પત્રનો પ્રત્યુત્તર નહિ મળે તો કોના લાભ માટે સ્માર્ટ સીટીની જે ગ્રાન્ટનો બેફામ ઉપયોગ કરેલ છે તે જાહેર કરવાની ફરજ પડશે તેમ પત્રમાં લખ્યુ છે.

તેમણે આ પત્રમાં સે. ૨૨માં ચાલી રહેલ ડીવાઈડર રોડ બાબતે પબ્લીક પેસેન્જર યુનિટના ક્રાઈટેરિયાનું પાલન નહિ કરાયુ હોય તેમ જણાવ્યુ હતુ. તેમણે કહ્યું છે કે સે. ૨૨ના ઘણા બધા વસાહતીઓએ પણ આ બાબતે વિરોધ નોંધાવ્યો છે તે વિરોધની અવગણના પાછળ આપને શું લાભ દેખાઈ રહ્યો છે તે સમજાતુ નથી. સ્માર્ટ સીટીની ગ્રાન્ટનો ઉપયોગ અંગત લાભ માટે થતો હોય તેવુ લાગી રહ્યું છે.

શ્રીમતિ પટેલે આ પત્રની નકલ સ્થાયી સમિતિના ચેરમેન તેમજ વિપક્ષના નેતા અને સીટી ઈજનેરને પણ મોકલી આપી છે.


# શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી રામચંદ્રભાઈ ગાંડાભાઈ પટેલ**
સ્વર્ગવાસ તારીખ : ૧૯/૨/૨૦૨૧

હું નહીં પણ આપણે, મારું નહિ પણ આપણું,
સૌનું કલ્યાણ, સૌની પ્રગતિ, સૌની સુખ શાંતિ,
આવા નમ્ર ભાવ રાખનાર વિરલ વ્યક્તિત્વ
હોય સૌના પ્રિય કે જેના જવાથી ખાલીપો વર્તાય.
એવા સૌના પ્રિય, શુભચિંતક
રામચંદ્રભાઈની ખોટ ક્યારેય કોઈ ના પુરી શકે.
ઈશ્વર એ પરમ આત્માને શાંતિ આપે એ પ્રાર્થના સાથે
અમે આપીએ આદરભરી શ્રદ્ધાંજલિ

લાલભાઈ ગોવિંદભાઈ પટેલ (સભ્યશ્રી)
હસમુખભાઈ કેશવલાલ પટેલ (સભ્યશ્રી)
ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ (સભ્યશ્રી)
મનુભાઈ હરગોવનદાસ પટેલ (સભ્યશ્રી)
વિનોદભાઈ બળદેવભાઈ પટેલ (સભ્યશ્રી)
સુરેશભાઈ મંગળદાસ પટેલ (સભ્યશ્રી)
અશોકભાઈ હીરાભાઈ પટેલ (ચેરમેનશ્રી)
અનિલસિંહ મહોબતસિંહ વાઘેલા (વાઈસ ચેરમેનશ્રી)
અતુલભાઈ મફતભાઈ પટેલ (સભ્યશ્રી)
ઈન્દ્રવદનભાઈ કરસનભાઈ પટેલ (સભ્યશ્રી)
બળદેવજી માસંગજી ઠાકોર (સભ્યશ્રી)
કનુભાઈ મરઘાભાઈ પટેલ (સભ્યશ્રી)

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગાંધીનગર


# સરગાસણમાં બાકી રહેતા ૭૮ આવાસોનો મેં મહીનામાં ડ્રો થશે

## ગુડા દ્વારા નવા આવાસો બાંધવા માટે પણ ટુંકમાં લાભાર્થીઓને ફોર્મ વિતરણ કરાશે

ગાંધીનગર તા ૨૦

ગુડા દ્વારા નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. પેથાપુર ,વાવોલ અને સરગાસણમાં ૨૧૦૦ જેટલા નવા મકાનો બાંધવામાં આવશે. ત્યારે અગાઉ કુડાસણ અને સરગાસણમાં પણ નવા આવાસો તૈયાર કરાયા હતા જયારે સરગાસણની યોજના અન્વયે ૭૮ જેટલા મકાનોનો ડ્રો બાકી રહ્યો હતો ત્યારે આ આવાસો અન્વયે ડ્રોની પ્રક્રીયા મેં મહીનામાં હાથ ધરાશે.

ગુડા દ્વારા આગામી દિવસોમાં પેથાપુર, વાવોલ અને સરગાસણમાં નવા આવાસો બાંધવામાં આવશે. ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે નવા મકાનો બાંધવા માટે જગ્યા નિયત કરી દેવામાં આવી છે. જયારે આગામી મહીનામાં ફોર્મ વિતરણ પણ શરૂ કરી દેવાશે. ગુડાએ પ્રથમ તબક્કામાં રાયસણ , ચિલોડા અને અડાલજમાં નવા મકાનો બાંધવામાં આવ્યા હતા. જયારે ત્યારબાદ સરગાસણમાં પણ નવા આવાસો બાંધવામાં આવ્યા હતા ગુડા દ્વારા સરગાસણમાં ૩૯૨ અને કુડાસણમાં ૩૩૬ મકાનો બાંધવામાં આવ્યા હતા. જયારે ડ્રોની પ્રક્રીયાના અંતે કેટલાક મકાનોનો ડ્રો હાલ પણ બાકી છે. આ ઉપરાંત કુડાસણમાં એમ આઈ જી આવાસની યોજના પણ તૈયાર કરવામાં આવી હતી. આ આવાસોમાં હાલ રહીશોનો વસવાટ પણ જોવા મળી રહ્યો છે.

ત્યારે સરગાસણ સ્થિત આવાસોમાં હજુ ૭૮ જેટલા મકાનોની ફાળવણી બાકી છે ત્યારે આ ખાલી આવાસોને અનુલક્ષીને આગામી મેં મહીનામાં બાકી રહેતા ૭૮ મકાનો સંદર્ભે ડ્રોની પ્રક્રીયા હાથ ધરાશે. ગુડા વિસ્તારમાં એલ આઈ જી મકાનો બાંધવા માટે તબક્કાવાર નવા કામો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ગુડા વિસ્તારમાં એલ આઈ જી આવાસોનુ બાંધકામ વિશેષ થઈ રહ્યુ છે. ત્યારે આગામી દિવસામાં પણ નવા ૨૧૦૦ જેટલા મકાનો બાંધવામાં આવશે. જેને અનુલક્ષી આગામી માર્ચ મહીનામાં ફોર્મ વિતરણ પણ કરવામાં આવશે. ત્યારે સરગાસણમાં પણ બાકી મકાનોના ડ્રોની પ્રક્રીયા પુર્ણ કરી દેવાતા બાકી રહેતા લાભાર્થીઓને પણ આવરી લેવામાં આવશે.

# ખ-૩ ફાટકને અનુલક્ષીને ઓવરબ્રિજ તૈયાર કરવા માટે પ્રબળ માંગણી

## ફાટક પરથી દિવસમાં ત્રણવાર પસાર થતા ભારખાનાના લીધે બન્ને બાજુ અડધો કીમી સુધી ટ્રાફિક જામ : વાહનચાલકો તેમજ વાવોલના રહેવાસીઓ પરેશાન

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના ખ-૩ પાસે સ્થિત રેલવેનુ ફાટક વાહનચાલકો માટે માથાના દુખાવા રૂપ બન્યુ છે. નગરના મુખ્ય ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવામાં આવી રહ્યો છે. તેવી રીતે આ માર્ગ પર ઓવરબ્રિજ તૈયાર કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ ફાટક પરથી દિવસમાં ત્રણ વાર ભારખાનુ પસાર થતા ફાટકની બન્ને બાજુ અડધો કી મી સુધીના વિસ્તારમાં ટ્રાફિક જામ થઈ જાય છે. વાવોલ વિકાસ સમિતિ દ્વારા પણ આ મામલે અનેકવાર આ ફાટકને અનુલક્ષી ઓવરબ્રિજ તૈયાર કરવા માટે રજુઆત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com